COPY


**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone :** +91-02836-220977, 220735 • **Mobile :** 99250 37814 • **Fax :** 220888
**e-mail :** info@gccikandla.com • **Website :** www.gccikandla.com


No. GCCI / ૫૭૫

તા:૨૦.૦૧.૨૦૧૮

શ્રી વિજયભાઈ રૂપાણી,
મુખ્યમંત્રીશ્રી તથા
મંત્રીશ્રી શહેરી વિકાસ મંત્રાલય,
સર્વણિમં સંકુલ – ૧, ૩જે માળે,
નવા સચિવાલય, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦

વિષય: નગર રચનાના નવા ધારા-ધોરણો બનાવી બહુમાળી મકાનોના બાંધકામને પ્રોત્સાહિત કરવા બાબત

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે અખબારી અહેવાલો પ્રમાણે સરકાર ફ્લોર-સ્પેસ-ઇન્ડેક્ષ (FSI) નાં ધારા ધોરણમાં ફેર બદલાવ કરી ટાઉન પ્લાનિંગને નવો ઓપ આપવાનાં વ્યાયામની શરૂઆત કરેલ છે.

આ શરૂઆત ખરેખર આવકારદાયક છે પણ સાથે સાથે FSIનાં ધારા-ધોરણોની આવશ્યક્તા વિષે પણ વિચારવાની જરૂર છે. ખરેખર તો FSIની મર્યાદાને ધ્યાનમાં રાખી ટાઉન પ્લાનિંગનો પ્રારંભ કરવાને બદલે પ્રતિ સ્કવેર મીટર બાંધકામ થયેલ જગ્યાને પ્રતિ સ્કવેર મીટર અન્ય સગવડતાઓ સાથે સાંકળી ટાઉન પ્લાનીંગની પ્રક્રિયા હાથ ધરવી જોઇએ જેથી બહુમાળી મકાનોનો વિકાસ થઇ શકે અને અન્ય જરૂરીયાતો અને સગવડતાઓની મહત્તમ પૂર્તિ પણ થઈ શકે.

હાલનાં શહેરો અને નગરોનાં વિકાસને ધ્યાનમાં રાખતાં બહુમાળી મકાનો જ માનવીની ભાવિ જરૂરીયાતોને પૂરી કરી શકશે. આથી નગર વિકાસમાં બહુમાળી મકાનો બાંધવા માટેની નીતીમાં જરૂરી ફેરફાર કરી પ્રોત્સાહિત કરવા જોઇએ જે આજનાં સમયની જરૂરીયાત છે.

ઉપરોક્ત હક્કિકતોને ધ્યાનમાં લેતાં કચ્છ જિલ્લાનાં ભૂજ, ગાંધીધામ અને અંજાર જેવા શહેરોમાં પણ બાંધકામનાં ધારા-ધોરણોમાં બદલાવ લાવી બહુમાળી મકાનોનાં બાંધકામ માટે પરવાનગી આપવી જોઇએ. ધરતીકંપની શક્યતા ધરાવતા આ વિસ્તારોમાં બાંધકામના તકનિકી ધારા-ધોરણો અનુસાર કડક અમલ સાથે બહુમાળી મકાનો બાંધવા પ્રોત્સાહિત કરવા જોઇએ. જાપાન આ માટે એક ઉમદા ઉદાહરણ છે.

અમોને આશા છે કે ઉપરોક્ત સર્વે હકીકતોને ધ્યાનમાં લઈ ગુજરાત સરકાર સાચી દિશામાં યોગ્ય પગલાં લઈ આવનારી પેઢી માટે નવી નગરરચના ને સાકાર કરશે એજ અપેક્ષા સહ....

આભાર...

આપનો વિશ્વાસુ,

મુરલીધર જગાણી
માનદ મંત્રી

નકલ રવાનાં : શ્રી હિરો તિર્થાણી, પિટમેન્સ ગેસ એન્ડ એપ્લાયન્સીસ, આદિપુર